# પ્રકરણ : ૪ : કનૈયાલાલ મા. મુનશીની નવલકથાઓમાં ભારતીયતાનાં પરિમાણો

૪:૧ ભૂમિકાઃ કનૈયાલાલ મુનશી : સમયસંદર્ભ-અસ્મિતાની વિભાવના

૪:૨ મુનશીની કેટલીક નવલકથાઓનું સંક્ષિપ્ત કથાનકઃ

- ‘વેરની વસૂલાત’
- ‘પાટણની પ્રભુતા’
- ‘ગુજરાતનો નાથ’
- ‘રાજાધિરાજ’
- ‘જયસોમનાથ’
- ‘સ્વપ્નદષ્ટા’

૪:૩ આ નવલકથાઓમાં મહત્ત્વનાં ઘટકોઃ

- રાષ્ટ્રીય ચેતના
- કુટુંબ - સમાજ
- ગુજરાતની અસ્મિતા - સંસ્કૃતિ સંદર્ભ

૪:૪ ભારતીયતાનાતત્ત્વ :

- અનેકતામાં એકતા
- સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય

૪:૫ઃ સમગ્રલક્ષી ચર્ચા- ભારતીયતાનાં પરિમાણો

# પ્રકરણ – :૪: કનૈયાલાલ મા. મુનશીની નવલકથાઓમાં ભારતીયતાનાં પરિમાણો

## ૪:૧: ભૂમિકાઃ કનૈયાલાલ મુનશી : સમયસંદર્ભ-અસ્મિતાની વિભાવના

ગુજરાતી નવલકથાઓમાં ભારતીયતાનાં પરિમાણો અંગેના મારા અભ્યાસમાં મેં ગોવર્ધનરામ ત્રિપાઠી અને રમણલાલ વ. દેસાઈની કેટલીક નવલકથાઓના આધારે ભારતીયતા વિશેનો મારો અભ્યાસ અગાઉના પ્રકરણોમાં રજૂ કર્યો છે. હવે કનૈયાલાલ મુનશીની કેટલીક નવલકથાઓના આધારે મારો અભ્યાસ આગળ વધારી રહી છું. કનૈયાલાલ મુનશી જેવા બહુશ્રુત વ્યકિતનું નામ કોઈપણ સંવેદનશીલ ગુજરાતી માટે અજાણ્યું નથી. કનૈયાલાલ મુનશીએ સાહિત્યના નવલકથા, ટૂંકીવાર્તા, નાટક, આત્મકથા, જીવનકથા, પત્રકારત્વ એમ અનેક સ્વરૂપોમાં પોતાની કલમ અજમાવી છે.ઉપરાંત ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ નિમિત્તે તેઓ રાજકારણમાં પ્રવેશે છે અને ત્યાર પછી તો એમણે સાહિત્ય સંસ્કૃતિમાં પોતાની સેવાઓ આપવાની સાથોસાથ ભારત સરકારના કૃષિ-અન્ન ખાતાના પ્રધાન, ઉત્તરપ્રદેશના રાજયપાલ, હૈદરાબાદના પોલિટિકલ એજન્ટ વગેરે વગેરે અનેક પદોમાં સક્રિય યોગદાન દ્વારા પોતાની બહુમુખી પ્રતિભાનો પરિચય કરાવ્યો. જીવન માટેની એમની ધંખના એટલી પ્રબળ હતી તો સાથોસાથ સમગ્ર આર્યાવર્ત, રાષ્ટ્રીય અસ્મિતા અને ભારતના ઈતિહાસ વિશે અનેક મંથનો બાદ એક ચોકકસ વૈચારિક ભૂમિકા સુધી તેઓ પહોંચે છે. ભારતના સાંસ્કૃતિક, સામાજિક, રાજકીય, રાષ્ટ્રીય જીવનને

સ્પર્શતી અનેકવિધ બાબતો વિશે તેમના વિચારો એમની નવલકથાઓ દ્વારા કેવી રીતે પ્રગટ થાય છે તે જોવું રહ્યું.

મુનશી જયારે નવલકથા લેખન શરૂ કરે છે ત્યારે એમની સમક્ષ ગોવર્ધનરામ ત્રિપાઠી જેવા સર્જકનું આર્ષદર્શન છે અને એ દર્શનને વ્યકત કરતી 'સરસ્વતીચંદ્ર' નવલકથા છે. સરસ્વતીચંદ્રકારે પોતાની કૃતિ દ્વારા પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિઓ વચ્ચેના સંઘર્ષના પાયામાં રહેલા જીવનમૂલ્યો અને જીવનભાવનાઓને પોતાની કૃતિમાં એના કેટલાંક ગુણદોષદર્શન સાથે રેખાંકિત કરી આપ્યા છે. મુનશી એનાથી જ્ઞાત છે. સદીના ઉત્તરાર્ધની આ મહત્ત્વની ઘટના - 'સરસ્વતીચંદ્ર'ના ભાવ જગતનો એમણે પરિચય આપ્યો છે. એમનો સમયગાળો વીસમીસદીનો પૂર્વાર્ધ છે. ભારતવર્ષ સાંસ્કૃતિક, સામાજિક, રાષ્ટ્રીય સંક્રાંતિકાળ માંથી પસાર થઈ રહ્યો હતો. ગોવર્ધનરામ કરતાં આમ એમનો સમયસંદર્ભ જુદો હતો. તેઓ એનાથી બેખબર ન હતા. એમણે પાશ્ચાત્ય વિચારણા અને પૂર્વના સંસ્કૃતિ સંસ્કારોના સંઘર્ષને અને સમસ્યાઓને આલેખવાને બદલે પોતાનો સમગ્ર લક્ષ્ય ભારતીય સંસ્કૃતિ – આર્યાવર્ત ઉપર વિશેષ કેન્દ્રિત કર્યો છે. એનો અર્થ એવો નથી કે મુનશીએ પાશ્ચાત્ય વિચારને સમજવાનું મુનાસિબ માણ્યું નથી.પરંતુ ભારતીય પરંપરાના પ્રત્યેનો તેમનો પક્ષપાત જાણીતો છે.

મુનશીની કેટલીક નવલકથાઓ 'વેરની વસૂલાત','પાટણની પ્રભુતા','ગુજરાતનોનાથ','રાજાધિરાજ','સ્વપ્નદષ્ટા','જય સોમનાથ' વગેરેમાં ભારતીય સંસ્કૃતિ અને ભારતીયતા વિશેના એમના મહત્ત્વના વિચારવલણો વ્યકત થયા છે.આથી મેં અહી દર્શાવેલી

નવલકથાઓને મારા અભ્યાસમાં સમાવી છે. મુનશીના સમયગાળામાં સમગ્ર આર્યાવર્તની રાજકીય વિચારસરણીમાં પલટો આવ્યો હતો. તત્કાલીન પરિબળો એમની સર્જક ચેતનાને ઉત્તેજે છે. આર્ય સંસ્કૃતિ વિશે તેઓ સતત ચિંતન મનન કરે છે. દેશકાળથી પર એના સનાતનમૂલ્યો અને સામાજિક સંદર્ભને તેઓ એકસાથે તપાસે છે. ઉપરાંત ભગવદ્ગીતા અને યોગશાસ્ત્રોમાં દર્શાવેલા સિદ્ધાંતો અને ભાવનાઓનું એ પોતાની રીતે વિમર્શન કરે છે. ખાસ કરીને અધ્યાત્મ પરંપરામાંનું જીવનદર્શન એમના આર્યાવર્તના વિભાવને સંવર્ધે છે. ગુજરાત માટે તેમને અપૂર્વ લગાવ છે. પરંતુ તેમની દષ્ટિએ ગુજરાત તો સમગ્ર આર્યાવર્ત એનું સાંસ્કારિક વ્યકિતત્વનું સીમાડા રહિત વિશિષ્ટ-રૂપ છે. આ આખી ભૂમિકાને એમણે 'અસ્મિતા' સંજ્ઞા વડે ઉજાગર કરી છે. આ 'અસ્મિતા' શબ્દ એમણે યોગસૂત્ર માંથી પ્રાપ્ત થયો છે. એવું કહેવાય છે. પરંતુ યોગસૂત્રના અર્થસંકેતોને યથાવત્ સ્વીકારી લેવાને બદલે એમણે પોતાના સમયસંદર્ભ પ્રમાણે આ સંજ્ઞાના અર્થસંકેતોનું સંવર્ધન કર્યું છે. **"અસ્મિ-તા, હું છું – એનું ભાન-Selfconsciousness એવા અર્થમાં એ શબ્દનો પ્રયોગ કરે છે."** [૧] તેઓ જણાવે છે તેમ **"કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય આ અસ્મિતાના આદ્ય દષ્ટા હતા ને તે પછી પ્રેમાનંદ, નર્મદ આદિથી માંડી મહાત્માજી સુધીના અનેક જ્યોર્તિધરોએ અસ્મિતાની અખંડજયોત રાખી છે."** [૨] આર્યાવર્તનો વિકાસ આ અસ્મિતા દ્વારા શકય બનશે એવું એમનું ગૃહીત હતું એમના સમયગાળામાં ભારતવર્ષમાં નવજાગરણનો યુગ પ્રવર્ત્યો એ નવજાગરણે પ્રાચીન પ્રધાન જાગૃતિનું રૂપ લીધું કેટલાક એને પુનર્જીવનવાદ રૂપે ઓળખાવે છે તે અને મુનશીના સમયમાં કૉગ્રેસના

રાષ્ટ્રવાદનો ઉદય થયો હતો એની છત્રછાયા હેઠળ જે નવી રાષ્ટ્રવાદી પેઢી જન્મી તે ભારતીય સંસ્કૃતિ પ્રધાન રાષ્ટ્રવાદ વાળી હતી. મુનશી આવા રાષ્ટ્રવાદી વાતાવરણમાં પોષણ મેળવે છે તેથી એમને અસ્મિતા માટે વિશેષ લગાવ રહે તે સ્વાભાવિક છે ત્યાં ભારત માત્ર એક ભૂ-ભાગ નથી ભારતદેશ 'ભારતમાતા'રૂપે છે. સમગ્ર આર્યાવ્રર્ત રૂપે છે. આ નવે રૂપે જીવંત થયેલી સંસ્કૃતિ માટે તેઓ આર્યાવર્તની અભેદ્ય અને અખંડ એકતાને અનિવાર્ય માને છે.એમના સમયમાં સ્વતંત્રતાનું આંદોલન અને ગાંધીમૂલ્યોનો પ્રભાવ પ્રવર્તતો હતો.એમની દેશાભિમાનની ભાવના એ આર્યાવર્તની એકતાની સિદ્ધિના દર્શન અને આર્ય-સંસ્કૃતિના ઐતિહાસિક સાતત્ય અંગેની સભાનતા પર રચાયેલી છે. રાજકીય એકતાને તેઓ ઈષ્ટ લેખે છે. પણ એના મૂળમાં સાંસ્કૃતિક સાતત્ય અને એકતા ન હોય તો એનું કોઈ મૂલ્ય રહેતું નથી એવું તેઓ દઢપણે માને છે એની સાથે મહાત્મા ગાંધીજીના મૂલ્યોને તેઓ સંસ્કૃતિના નવાં ઉદય રૂપે જુએ છે. આથી મહાત્માજીના આર્યાવર્તના વિભાવમાં સત્ય,અહિંસાની અનિવાર્યતા પર ભાર મૂકાયો છે તેણે તેઓ આવકારે છે અને એ રીતે આર્યાવર્ત અને અસ્મિતાના પોતાના વિભાવને પોતાની નવલકથાઓમાં કેવી રીતે ચરિતાર્થ કરવા મથ્યા છે તે જોવું જોઈએ.

મુનશીની કેટલીક નવલકથાઓના કથાનક અહીં સંક્ષિપ્તમાં જોઈએ.

### ૪ઃ૨ઃ મુનશીની કેટલીક નવલકથાઓનું સંક્ષિપ્ત કથાનકઃ-

#### ‘વેરની વસૂલાત’

‘વેરની વસૂલાત’એ મધ્યમવર્ગની એક વિધવાના પુત્ર જગતકિશોર અને તનમનની પ્રણયકથા બને છે એ સાથે કડવા અનુભવો માંથી પસાર થતાં જગતકિશોરના હૃદય પરિવર્તનની કથા બને છે. રામગઢના અમલદાર રઘુભાઈએ જગતની માતા ગુણવતી પર અધમવૃત્તિથી પ્રેરાઈને હુમલો કર્યો તેથી જગતનો વૈરાગ્નિ જાગી ઊઠે છે અને તે પોતાની માતાના અપમાનનો બદલો લેવા નિશ્ચય કરે છે. બીજી બાજુ તનમનને એની ઓરમાન માતા ધનિક શેઠ સાથે પરણાવી દે છે. તનમન આવા અણગમતા પતિને સ્વીકારવા કરતાં મૃત્યુને પસંદ કરે છે.આવા સામાજિક રૂઢિબંધનોને લીધે જગત ક્રોધે ભરાય છે. પ્રણય અને વૈરાગ્નિમાં જકડાયેલો જગત રામકિશનદાસ પાસે જ્ઞાતા શોધે છે પણ એની નિષ્ફળતા એને આઘાત તરફ દોરે છે એ સમયે સાધુ અનંતાદાસ એને બચાવે છે.જગત અનંતાદાસનો શિષ્ય બને છે. અનંતાદાસની જીવનશૈલીથી જગતનો વૈરાગ્નિ શાંત થાય છે અને જગતકિશોર એમના વેરીની પુત્રી સાથે લગ્ન કરે છે. ‘વેરની વસૂલાત’માં પ્રણયકથાની સાથે દેશી ખટપટોનું ચિત્ર આલેખાયું છે. રત્નગઢના કારભાર માટે રઘુભાઈ અને અનંતાનંદ વચ્ચે સંઘર્ષ ચાલે છે. અહીં આપણને ‘સરસ્વતીચંદ્ર’માં સુવર્ણપુરના કારભાર માટે લડતા શઠરાય અને બુદ્ધિધનનું સ્મરણ થાય છે. અનંતાનંદ ભારતને આદર્શ ગામ બનાવવાની પ્રવૃત્તિ આદરે છે અને એ માટે કેટલાક સાધુઓને દેશોદ્ધારના કામમાં તે જોતરે છે. નવલકથાકારે જગત-તનમનનો મુગ્ધ

પ્રણય આલેખ્યો છે. તનમન જેવી અણગમતા પતિ સામે બંડ પોકારતી અને સ્વાતંત્ર્યનો સંદેશ આપતી નારી રૂપે રજૂ થાય છે. તનમનનું પાત્ર સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાનું યોગદાન આપતી નારીશકિતનું પ્રતિનિધિત્વ કરતું પાત્ર બને છે. મુનશીએ જગત-રમાના લગ્ન દ્વારા પ્રેમભાવનાનો મહિમા દર્શાવ્યો તો સાથોસાથ વેરવૃત્તિના ઊર્ધ્વીકરણનું મૂલ્ય એમાંથી ઉજાગર કર્યું છે. 'પાટણની પ્રભુતા'એ મુનશીની ઈતિહાસ આધારિત કૃતિ છે. આમાં સોલંકીયુગનો કથાનક તરીકે ઉપયોગ કર્યો છે. રાજા કર્ણદેવના અવસાન વખતે એમનો પુત્ર સગીર હતો અને એના વાલીપણા દ્વારા સત્તાનો દોર પાતાના હાથમાં લેવા માટેની ખેંચતાણનું આમાં કથાનક છે. કર્ણદેવના મૃત્યુ પછી માળવાની ગુજરાત ઉપર ચઢાઈ, પટરાણીઓનો પ્રતિકાર, રાણી મીનળદેવી દ્વારા પાટણમાં ચન્દ્રાવતીનું વર્ચસ્વ સ્થાપવાનો પ્રયાસ અને એની સામે પાટણના અગ્રણીઓનો વિરોધ અને રાજપૂતો વચ્ચે સત્તા માટે ગજગ્રાહ આ બધી ઐતિહાસિક ઘટનાઓનું વહણ, કર્ણદેવ, મુજાલ, દેવીપ્રસાદ, ત્રિભુવનપાળ, કાક, મીનળદેવી, જયદેવ, ઉદોમારવાડી, ચન્દ્રાવતી, મોરાર, કીર્તિદેવ વગેરે પાત્રો દ્વારા થાય છે. અહી પાટણ ચન્દ્રાવતી, કર્ણાવતી, પ્રભાસપાટણ વગેરે ઐતિહાસિક સ્થળોની વાત આવે છે. તે વખતના રીતરિવાજો, કાર્યપદ્ધતિ, શસ્ત્રસરંજામ, યુદ્ધનીતિ, કિલ્લાઓ, દરવાજાઓ, મહેલ વગેરેનું વર્ણન ગુજરાતની અગિયારમી સદીના ઐતિહાસિક વાતાવરણને આલેખે છે. કનૈયાલાલ મુનશીએ ઈતિહાસનું આવલંબન લીધું છે પરંતુ પોતાની નવલકથા લેખનમાં આયોજનમાં જરૂર પડે ત્યાં કલ્પનાનો આધાર લઈને નવું વાતાવરણ પણ રચ્યું છે.

૪:૨:'પાટણની પ્રભુતા':

પાટણના રાજા કર્ણદેવ સોલંકીના જીવનના અંત સમયે પાટણ રાજકીય અને ધાર્મિક સંઘર્ષોનું કારણ બને છે. પાટણમાં શ્રાવકોનું જોર વધે છે એ જોઈને રજપૂતો એકત્ર થાય છે. પાટણનો મહામંત્રી મંજાલ અને સગીર મહારાજા જયસિંહદેવ, માતા મીનળદેવી, સામંતો અને મંડલેશ્વરોને અંકુશમાં રાખવા માગે છે. મુંજાલ રાજકારણ અને ધર્મને અલગ રાખવા માગે છે, પણ મીનળ ચન્દ્રાવતીનો જૈનસૂરિ આનંદસૂરિની વાત માનીને મુંજાલને પાટણની બહાર મોકલી આપે છે. આ ચન્દ્રાવતી ગયેલો મુંજાલ કદાચ રાજકીય સંઘર્ષના અગ્રણી કર્ણદેવના ભત્રીજા દેવપ્રસાદ સાથે ભળી જશે એ ભયે મીનળદેવી મુંજાલને કેદ કરે છે અને આનંદસૂરિ દેવપ્રસાદનું ખૂન કરે છે. આથી પાટણની પ્રજા ઉશ્કેરાય છે. દેવપ્રસાદનો પુત્ર ત્રિભુવનપાળ પાટણનો સર્વસત્તાધીશ થઈ બેસે એવા સજોગો ઊભા થાય છે. આથી મૂંઝાયેલી મીનળને લાગે છે કે, જો પાટણની સત્તા બચાવી રાખવી હોય તો મુંજાલ વિના ચાલે એમ નથી. આથી એ પોતાના અહમ્‌ને ઓગાળી દઈને મુંજાલને નમતું જોખે છે અને મુંજાલ રાજયભકિત કરતાં વિશેષ તો મીનળ પ્રત્યેની પ્રીતિને વશ વર્તીને પરિસ્થિતિને કુનેહપૂર્વક થાળે પાળે છે.

દ્રવિડ રાજકન્યા મીનળ પાટણના મહામંત્રી મુંજાલના પ્રભાવશાળી વ્યકિતત્વથી આકર્ષાઈને એ ગુજરાત આવે છે. બન્ને વચ્ચે પ્રણય પાંગરે છે. બન્નેના સંબંધમાં ઉતારચઢાવ આવે છે. એમાં મીનળનાં પ્રણય કરતાં એની સત્તા લાલસા વિશેષ રહી છે. આ બન્ને

પાત્રોમાં જેટલો એકબીજા પ્રત્યે પ્રણય છે એટલી જ પ્રબળ સત્તા લાલસા લેખકે દર્શાવી છે. આમ, 'પાટણની પ્રભુતા'એ સત્તા સંઘર્ષની સાથોસાથ વિવિધ પાત્રોના પ્રેમસંબંધોની કથા બને છે.

મુનશીની આ નવલકથામાં આપણે ઉપર જોયું તેમ ઈતિહાસ અને કલ્પનાનું સંયોજન કરવામાં આવ્યું છે.

૪:૨: 'ગુજરાતનો નાથ'માં

'ગુજરાતનો નાથ'માં લેખક આજ કથાનકના તંતુને વિકસાવે છે. મીનળદેવીનો પુત્ર જયસિંહદેવ હવે વયસ્ક થયો છે. જયસિંહને ગુજરાતની રાજગાદી પર બેસાડયો છે. પરંતુ રાજકારભારના સૂત્રો મંત્રી મુંજાલના હાથમાં છે. મુંજાલ જયસિંહદેવની રાજકીય કારકિર્દીને જતન પૂર્વક ઘડી રહ્યો છે. પરંતુ જયસિંહદેવ કયારે સ્વતંત્ર થવા અધીરો થઈ જાય છે. બીજી બાજુ મીનળદેવી અને મુંજાલ વચ્ચેના પ્રેમ અને સત્તા લાલસા વચ્ચેના સંઘર્ષનું કંઈક સમન થયું છે. બન્ને વચ્ચે એક પ્રકારની સમજણ સ્થપાઈ ગઈ છે. સામંતો અને મંડલેશ્વરો અંકુશમાં આવી ગયા છે પણ ગુજરાત પર એક તરફથી માળવાના અને બીજી તરફથી જૂનાગઢના રા'નવઘણના આક્રમણનો ભય તોળાઈ રહ્યો છે. એવે વખતે ભરૂચથી ત્રિભુવનપાળનો સંદેશો લઈને એનો ખાસ માણસ કાક પાટણ આવે છે. રાજા જયસિંહ જુવાન, બિનઅનુભવી અને મહત્ત્વાકાંક્ષી છે. એ આ સુભટ્ટ-કાકભટ્ટ પારખી  જાય છે. આથી એ પાટણમાં પગ મૂકતાવેંત રાજાની ખૂબ નજીક પહોંચી જવા મથે છે. પરંતુ મુંજાલની પ્રભાવકતાનો કાકને ખ્યાલ આવતા એ મુંજાલનો પક્ષકાર બની જાય છે. જરૂર પડી ત્યાં રાજકીય ખટપટો કરીને એ

મુંજાલને વિજયી બનાવે છે. આમ તો કીર્તિદેવ અને કૃષ્ણદેવ એ બન્ને પાટણની રાજનીતિના વિરોધીઓ છે. કાકએ બન્ને પ્રત્યે આકર્ષાય છે. પરંતુ એ દેખીતી રીતે મુંજાલ પ્રત્યે વફાદાર રહે છે. એની પાસે કીર્તિદેવ કે મુંજાલ જેવું રાજકીયદર્શન નથી પણ એ બહુ જ મહત્ત્વાકાંક્ષી હોવાથી એ પવનની દિશા જાણીને એ તરફ ઢળનાર પાત્ર છે. આમ જોવા જઈએ તો પહેલી નજરે જે ત્રિભુવનપાળના સંદેશવાહક તરીકે કાક પાટણમાં પ્રવેશે છે. પરંતુ એની કુનેહ અને મહત્ત્વાકાંક્ષા એને અસાધારણ પુરુષ બનાવે છે. કેટલાકને 'ગુજરાતનો નાથ'એ કાકની પરાક્રમ ગાથા લાગી છે. સમાન્તરે લેખકે કાક અને મંજરીના સંબંધોને આલેખ્યા છે. શરૂઆતમાં પંડિત પિતાની પુત્રી મંજરી કાક પ્રત્યે તિરસ્કાર દાખવે છે. પરંતુ કાક પોતાના બુદ્ધિચાતુર્ય, સાહસિકતા અને શૌર્યથી જેમ 'ગુજરાતનો નાથ'ની ભૂમિકા એ પહોંચે છે તેવી જ રીતે એ મંજરીના હૃદયનાથ બનવા સુધી પહોંચે છે. જો કે, એમાં મંજરીનું યોગદાન પણ ઓછું નથી. મંજરીના લીધે કાકના પરાક્રમો શક્ય બન્યા. મુનશીએ મંજરી જેવા કાલ્પનિક પાત્રને એવી રીતે રજૂ કર્યું છે કે ઈતિહાસ અને કલ્પનાનું ભિન્નત્વ અહીં ઓગળી જાય છે. આ નવલકથાનું મહત્ત્વનું પાત્ર છે. કીર્તિદેવ એણે વિદેશી વિધર્મીઓના આક્રમણની સામે સૌ હિંદુ રાજાઓને સંગઠિત કરવાનું કામ કર્યું છે. આ કીર્તિદેવ સન્નિષ્ઠ, પ્રામાણિક અને પ્રતિભાશાળી યુવાન છે. એ ભારતની એકતા અને અખંડિતતાનું સ્વપ્ન સેવે છે. આમ 'ગુજરાતનો નાથ' એ ઐતિહાસિક, રાજકીય અને સાંસ્કૃતિક એમ ત્રિસ્તરે વિકસતી નવલકથા બને છે.

૪:૨: 'રાજાધિરાજ':

'પાટણની પ્રભુતા' અને 'ગુજરાતનો નાથ' પછી મુનશીની નવલત્રયીની ત્રીજી નવલકથા 'રાજાધિરાજ' છે અહીં પણ અગાઉની જેમ ઐતિહાસિક કથાનકનો વિકાસ સાધ્યો છે. પાટણ અને જૂનાગઢ વચ્ચે વર્ષો સુધી યુદ્ધ ચાલે છે પણ જૂનાગઢ ટકી રહ્યું હતું એટલે કાકને ભરૂચથી જૂનાગઢ મોકલવામાં આવે છે. કાક જૂનાગઢ જાય છે ને લાટમાં પાટણની સત્તામાંથી મુકત થવા માટે મુકત થાય છે. મંજરી ભરૂચના કિલ્લાનો વીરતાપૂર્વક બચાવ કરે છે. જયસિંહદેવને મનમાં ઊંડેઊંડે કાક પ્રત્યે દ્વેષ છે. તેમજ જૂનાગઢનો પ્રશ્ન કાક વગર ઉકેલે તેમ નથી એવું તે માને છે. મંજરી એકલે હાથે કિલ્લાનું રક્ષણ કરી રહી છે તે વાત જયસિંહદેવ કાક સુધી પહોંચવા દેતો નથી. કાક જૂનાગઢનો કિલ્લો તોડે છે.

રા-ખેંગાર વીરગતિ પામે છે જયસિંહદેવ રાણકનું અપહરણ કરે છે. કાક જયસિંહદેવને રાણકને પરાણે ન લઈ જવા સમજાવે છે પણ જયસિંહદેવ માનતો નથી તેથી કાક જયસિંહદેવને એક ભોંયરામાં પૂરી દે છે. રાણકદેવી, રા'ખેંગાર પાછળ સતી થાય છે.

બીજી બાજુ કાકને મંજરી ભૃગુકચ્છના કિલ્લામાં ઘેરાઈ ગઈ છે એ સમાચાર મળે છે તેથી કાક તરત ત્યાં પહોંચે છે. કાક કિલ્લામાં પ્રવેશ કરે તે પહેલાં મંજરી ભૂખમરાને લીધે મરણશરણ થઈ ગઈ હોય છે. છેવટે કાક બળવાખોરોનાં હાથમાંથી કિલ્લાને છોડાવે છે અને પોતાના અન્ય મંત્રીઓની સાથે રાજાધિરાજ જયસિંહદેવ ભૃગુકચ્છના

કિલ્લામાં પ્રવેશે છે. આ નવલકથામાં કાક-મંજરી, રાણક-રા'ખેંગારના પ્રણય સંબંધોને લેખકે સમાન્તરે આલેખ્યાં છે.

૪ઃ૨ઃ 'જયસોમનાથ':

મુનશીની ઉપર જોઈ તે નવલત્રયીમાં ઈતિહાસની સાથોસાથ એમણે આર્યાવર્ત અને એની અસ્મિતાનું આલેખન કરવા માટે કથાનકમાં શુદ્ધિ-વૃદ્ધિ કરી છે. ઈતિહાસ આધારિત એમની અન્ય નવલકથાઓ છે. પરંતુ એમની કેટલીક નવલકથાઓમાં આપણને ભારતીયતાનાં તત્ત્વોનું વિશિષ્ટ રીતે ગ્રથન થયું છે. તેનો અહી અભ્યાસ કરવાનો ઉપક્રમ મેં રાખ્યો છે. 'જય સોમનાથ' એમાની એક કૃતિ બની છે. પરધર્મી મહમદ ગઝનીને આર્યાવર્તના શિખરસમા સોમનાથ પર આક્રમણ કર્યું ત્યારે રજપૂતોએ એકત્ર થઈને સોમનાથનું સંરક્ષણ કર્યું હતું. ભીમદેવ સોલંકીના પરાક્રમોનું અહીં આલેખન છે તો એની પડછે દેવનર્તકી ચૌલાની પ્રેમકથા છે. આ ચૌલા સોમનાથના મુખ્ય પુજારી ગંગ સર્વજ્ઞ અને દેવદાસી ગંગાની પુત્રી છે.તેઓ મંદિરના વિશાળ પ્રાંગણમાં એક તરફ આવેલા દેવદાસીઓના વાડામાં રહે છે.ચૌલા દેવદાસી છે અને એણે ભગવાન સોમનાથને પોતાની જાતનું સમર્પણ કરી દીધું છે. લેખકે આ પ્રણયકથાની સાથે આ યુદ્ધકથાને પુષ્ટ કરવા માટે આલેખે છે. ઘોઘાબાવાનું સજજન ચૌહાણના પરાક્રમો અને રૂપસુંદરીના કથાનકને ગૂંથ્યું છે. જયારે સોમનાથનો ધ્વંસ થાય છે ત્યારે ચૌલા ભાવશૂન્ય બની જાય છે. પરંતુ સમય જતાં એ ભગવાનની પુનઃસ્થાપનાના મુહૂર્તની પ્રતિક્ષા કરે છે. અને છેક આત્મવિલોપનની ક્ષણ સુધી પહોંચે છે.

અહી ઈતિહાસની વિગતોમાં ન પડીએ પરંતુ લેખકે અહી રાજકારણ,પ્રણય અને ધર્મ-અધ્યાત્મ દ્વારા સંસ્કૃતિ એમ વિવિધ સ્તરે આ નવલકથાને આલેખી છે.

૪:૨: ‘સ્વપ્નદષ્ટા’:

મુનશીના આર્યવર્ત માટેના ખાસ પક્ષપાતનું પરિણામ આપણને ‘સ્વપ્નદષ્ટા’માં જોવા મળે છે. અહી ભારતને વિદેશી સત્તાના દાસત્વમાંથી મુકત કરવાની ઝંખના પશ્ચાદ્‌ભૂ તરીકે મૂકાઈ છે. કથાનો નાયક સુદર્શન ઓગણીસ વર્ષનો ભાવનાશાળી યુવાન છે. સુદર્શન અને એના મિત્રો એમના અભ્યાસકાળ દરમિયાન દેશમાં જે સ્વદેશી હિલચાલ શરૂ થઈ અને ભારતીય રાષ્ટ્રીયતાનો ઉદય થયો એના પ્રભાવ હેઠળ દેશભકિતના ઉત્સાહમાં ઘેલા થાય છે અને દેશને સ્વતંત્ર કરવા માટે એક મંડળી રચે છે. દરેકે દરેક સભ્યને એક- વર્ષ પૂરે-પૂરો વિચાર કરીને પોતાની યોજના કરવાનો નિર્ણય લેવાય છે અને બધા છૂટા પડે છે. વર્ષ દરમિયાન સુદર્શન અને એના મિત્રો નાનાં-મોટાં કાવતરા કરે છે સફળ થાય છે પરંતુ સુદર્શનનો એક મિત્ર અને સુદર્શન સિવાય બધા મિત્રોનો રાજકારણમાંથી રસ ઊડી જાય છે. સુદર્શન પણ આ બધાથી હતાશ થઈને બેરિસ્ટર થવા વિલાયત જાય છે. ત્રણ વર્ષે પાછો આવે છે મિત્રોની તપાસ કરે છે અને એણે જોયું કે બધા મિત્રોની સ્વપ્નશીલતા ઝાકળની જેમ ઊડી ગઈ છે ને બધાં પોતાના સંસારની ઘરેડમાં મૂકાઈ ગયા છે તો સુદર્શન પણ પોતાના સંસારની ઘરેડમાં ગોઠવાઈ જવા તૈયાર થાય છે. આમ નવલકથામાં નવયૌવનને સ્પર્શે જીવનમાં જાગતી સ્વપ્નશીલતા અને ભાવના પરાયણતાની વિડંબના કરવામાં આવી હોય તેવું જણાય છે. આ

નવલકથામાં નાયકનાં આવા સ્વપ્નભંગની કથા રજૂ થઈ છે. નાયકનો રાષ્ટ્રભકિત સ્વભાવ, સ્વપ્નિલ સ્વપ્ન વિહાર છે. જેમાં પો.અરવિંદઘોષની પ્રેરણા અને સક્રિય ભૂમિકા એક મહત્ત્વપૂર્ણ પરિબળ બને છે તો તેના વાસ્તવના નક્કર ધરાતલ પર મૂકી આપવામાં પો.કાપડિયાના નિરીક્ષણો મહત્ત્વના બને છે. એમ કહી શકાય કે લેખકે રંગદર્શી મનોવલણની પડછે નિર્ભ્રાંત મનસ્થિતિને અહીં સપ્રયોજન મૂકી છે.

મુનશીની આર્યવર્તની વિભાવના અને અસ્મિતાનો ભાવબોધ કરાવતી કેટલીક મહત્ત્વની નવલકથાઓનો સંક્ષિપ્ત પરિચય અહીં મેળવ્યો. હવે આ નવલકથાઓમાં રાષ્ટ્રીયચેતના, સામાજિકસંદર્ભ, આર્યાવર્ત અને અસ્મિતા અને સાંસ્કૃતિક સંદર્ભના તાણાવાણાનું નિરૂપણ કેવી રીતે થયું છે તેની ચર્ચા કરીશું.

**૪ઃ૩ઃ નવલકથાઓમાં મહત્ત્વનાં ઘટકોઃ રાષ્ટ્રીય ચેતના સમાજ**

**“ગુજરાત એક સાંસ્કારિક વ્યકિત છે”**[૩] એવું પોતાના એક લેખમાં કનૈયાલાલ મુનશી નોંધે છે. મુનશીને ગુજરાત માટે ખાસ પક્ષપાત હતો. ગુજરાતી હોવાથી પોતાના ગુજરાતના ગૌરવને સતેજ કરવાનો તેવો અભિલાષ રાખે છે. પરંતુ એમનું દેશાભિમાન સંકુચિત ન હતું. એમની વિશાળ દષ્ટિને સમગ્ર ભારતીય સંસ્કૃતિનું ગૌરવ પણ પ્રેરતું રહ્યું હતું. આથી જ તેમણે ગુજરાતના પ્રાચીનકાળના ગૌરવભર્યા ઈતિહાસને બહુ જ ઉત્સાહપૂર્વક આલેખ્યો છે. પરંતુ એમાં ભૌગોલિકતા અંતરાયરૂપ બનતી નથી. સૈકાઓથી ગુલામ બનેલી ભારતીય પ્રજાને સ્વતંત્ર કેવી રીતે બનાવી શકાય તે તેમનો ઉદ્દેશ હતો. આ બધાના પાયામાં તેઓ ‘અસ્મિતા’ને અનિવાર્ય ગણાવે છે. ‘પાટણની પ્રભુતા’,‘ગુજરાતનો નાથ’

અને'રાજાધિરાજ'એ નવલકથાત્રયીમાં મુનશી પાટણના રાજકારણનો એના કાવાદાવા અને ખટપટોનો તેઓ ચિતાર આપે છે. 'વેરની વસૂલાત'માં આવા રાજકીય દાવપેચનું આલેખન જોવા મળે છે. એમનું રાજકારણનું આલેખન આમ જોવા જઈએ તો આધ્યાત્મિકતા સાથે જોડાયેલું છે. આથી એમણે આ રાજકારણના ઉદ્‌ગાતા એવા રાજદ્વારીઓ, મુત્સદ્દીઓ અને બ્રાહ્મણોને નેતા રૂપે વિકસાવ્યા છે. મુંજાલ મહેતા પ્રખર મુત્સદ્દી છે પણ તરત જ બીજી પેઢીના – તેમના જ પુત્ર- કીર્તિદેવની ભાવના આગળ પોતાને થોડા લઘુતાભર્યા અનુભવે છે. કીર્તિદેવ એમને અખિલભારતની નેતાગીરી લેવા વિનવે છે. કીર્તિદેવની ભાવનાશાળી રાષ્ટ્રીય દલીલો આગળ મુંજાલની મુત્સદ્દીગીરી જાણે ઝાંખપ અનુભવે છે. પાટણ એમણે મન એક નિમિત્ત છે. પરંતુ પાટણનું કેન્દ્ર વિકસાવી માળવા, સોરઠ, લાટ, વગેરે પ્રદેશો ઉપરની ભૌગોલિક, રાજકીય જીત એમણે કેવળ અભિપ્રેત નથી. પરંતુ એ દ્વારા આખા આર્યાવર્તમાં એની ભાવનાત્મક એકતાની આણ ફેલાવવાનો એમનો ઉદ્દેશ હોય એવું એમની કૃતિઓમાંથી ફલિત થાય છે. મુનશીની નવલકથાઓમાં સ્થાનિક રાજકારણના રસત્વનું આલેખન થયું છે અને આખા ભારતના રાજકારણને સંભાળે તેવી વીર અને મુત્સદ્દી નેતાગીરી, એમની સતત પ્રગટ થયા કરતી ઝંખના અનુભવાય છે. 'જય સોમનાથ' એનું સારું દષ્ટાંત છે. એમાં નાના-મોટા રજવાડાનાં રજપૂત મુખ્યાઓ અસાધારણ વીરતા દાખવે છે. પરંતુ એમનામાં એટલી મુત્સદ્દીગીરી નથી કે જેથી એ ભારતીય રાજકારણને એના મહત્ત્વના પાસાને સ્પર્શી શકે. **"શ્રી અરવિંદે મારામાં ભારતમાતા – સનાતનમાતા- વિશે ભકિતભાવ જાગ્રત કર્યો અને અધ્યાત્મિક સાધના અંગે મારામાં આકાંક્ષા પેદા કરી"**[૪] એમ કહેનાર મુનશીની એમના ઉપર

ગાંધીકથિત ભાવનાનો પુટ ચઢયો. આ બધા દ્વારા મુનશી પ્રાચીન ભારતીય ગૌરવ અને સાંસ્કૃતિક પુનરુત્થાન માટે સક્રિય બન્યા.

'સ્વપ્નદષ્ટા' માં એમનો ઉદ્દેશ એ સમયના યુવાનોમાં જે કેટલાક સ્વપ્ન સર્જાયા હતા એણે અનેક ઊર્મિઓ, અદ્ભૂત આશાઓની સાથે સ્વદેશયજ્ઞ સાથે જોડીને તેઓ એની પાછળ રહેલી મનોદશા અને ભાવનાને કથારૂપ આપવાનો પ્રયત્ન કરે છે.

'પાટણની પ્રભુતા'ના બીજમાંથી વિકાસ પામેલા શ્રી મુનશીના રાજકીય વિચારો એક યા બીજા રૂપે એમની અન્ય નવલકથાઓમાં જોવા મળે છે. 'રાજાધિરાજ'માં કાક એ વિચારોને અમલમાં મૂકવાનો પ્રયત્ન પણ કરે છે. **"ઈતિહાસમાં યવનોના આક્રમણ થયાં એટલે એ હકીકત ધ્યાન ખેંચે, પરંતુ આપણે તો પરદેશીઓના આક્રમણના સામાન્ય અર્થમાં જ એને ઘટાવી સમજીએ કે સંરક્ષણ કરવા કે સ્વતંત્રતા સ્થાપવા એકતાની જરૂરી છે એ એકતા માટે આનંદસૂરિ એક ધર્મને જરૂર જુએ છે એ જ એકતા માટે કીર્તિદેવ જુદાં-જુદાં રાજયો વચ્ચે સંધિઓ કરાવવા પ્રયત્ન આદરે છે, ને એ જ એકતા માટે પોતાના વહાલા વતનની સ્વતંત્રતા કાક જતી કરે છે અને એકતા, સંપૂર્ણ રાષ્ટ્રીયતા માટે અંતે નિષ્ફળ જતો છતાં સ્વપ્નદષ્ટા સુદર્શન પ્રયત્ન આદરે છે."**[૫]

આમ, મુનશીની નવલકથાઓમાં જે રાજકીય વિચારોનું આલેખન થયું છે એમાં દેશનું ગૌરવ, એકતા અને રાષ્ટ્રીયતા અનુભવાય છે.

૪:૩: કુટુંબ-સમાજ

મુનશીની નવલકથાઓમાં કુટુંબ, સમાજ ભાવનાના કેટલાક અંશો કેવી રીતે અભિવ્યકિત પામ્યા છે તે જોઈએ. 'વેરની વસૂલાત'માં મુનશી સ્ત્રી-પુરુષ બન્નેને માનસિક કક્ષાએ અન્યોન્ય પૂરક બને એવી ભાવના રજૂ કરે છે. જગતકિશોર અને શિરીનનો સંબંધ અહી વિશિષ્ટ રીતે રજૂ થયો છે. જગતકિશોર-શિરીન અને રમા એ ત્રણેયનું પ્રેમ કથાઘટક અહીં રચ્યું છે. જગતકિશોરની પ્રેમકથાની પડછે રત્નગઢનું રાજકીય વૃત્તાંત તો છે જ. તનમન અને જગતકિશોરનો પ્રણય કિસ્સો અને એમાં સામાજિક રૂઢિ કેવી રીતે બળવતર બની છે એ દર્શાવ્યું છે. દરમિયાન શિરીન-જગતકિશોર પ્રત્યે ઉત્કટ અનુરાગ અનુભવે છે એની પ્રતીતિ જગતકિશોરને થાય છે. શિરીનની સંસ્કારિતા અને બુદ્ધિમત્તાથી તે આકર્ષાય છે. જગતકિશોરના ભાવના માર્ગની શિરીન સહચારી બને છે. પરંતુ બન્નેનું લગ્ન થઈ શકતું નથી. જગતકિશોર કરુણાર્દ બનીને રમાનો સ્વીકાર કરે છે, અને વિશ્વ નિયમને અનુસરતો જગતકિશોર રમાની દષ્ટિએ માત્ર તેનો ન રહેતા સૌનો બની જાય છે. એક બાજુ પ્રેમ કથાઘટક અને સામાજિક મૂલ્યો અને બીજી બાજુ મુનશીનું એવું કહેવાય છે કે મુનશી ગુજરાતને ચાહે છે એમની નવલકથાઓમાં ગરવો સુવર્ણયુગ આલેખાયેલ છે. એમાં મુનશીની સર્જકતાના ઉત્તુંગ શિખરો જોવા મળે છે. મુનશી ગુજરાતને ચાહે છે એટલા જ ભારતને પણ ચાહે છે. એમનો આર્યવર્તનો વિભાવ અને એના ઘડતરમાં શ્રેષ્ઠ બ્રાહ્મણ પાત્રો અને શાસ્ત્રોએ કર્યું છે એ નિર્વિવાદ છે. મુનશીની નવલકથાઓના પાત્રો બ્રાહ્મણપાત્રો પણ છે. એમાં

કદાચ એની પસંદગીમાં, કદાચ મુનશીનું, આર્યવર્તનું, એના સર્જનના પુરુષાર્થ છે.

### ૪:૩: ગુજરાતની અસ્મિતા-સાસ્કૃતિકસંદર્ભ

'ગુજરાતનો નાથ'ના કીર્તિદેવ, મુંજાલ,'ગુજરાતનો નાથ'ના મંજરીના પિતાશ્રી, 'રાજાધિરાજ'ના કાક, 'જય સોમનાથ'ના ગંગ સર્વજ્ઞ વગેરે એના દષ્ટાંતો છે. આર્યાવર્તના સુવર્ણયુગમાં અમુક બ્રાહ્મણોએ અનાર્ય બળો સામે સંઘર્ષ આદર્યો હતો એનો સંસ્કાર મુનશીની સર્જક ચેતના ઉપર પડયો છે એને લીધે તેઓ આવા પાત્રોને પસંદ કરે છે. મુનશીના આ આર્યવર્તના પ્રતિનિધિરૂપ પાત્રોમાં મીનળ, લોપા, મંજરી, દેવિયાની જેવી આર્યકુલગુશન સન્નારીઓ પણ જોડાય છે. રામનારાયણ પાઠકે મુનશીના આ આર્યવર્તનું પ્રતિનિધિત્વ કરતી નવલકથાઓના બે પ્રસંગોનો નિર્દેશ કર્યો છે. 'ગુજરાતનો નાથ'માં કાકનું શ્રેષ્ઠ કાર્ય, જયદેવસિંહનું શ્રેષ્ઠ કાર્ય હોવા છતાં કાકે પાટણ શત્રુ ખેંગારને જયદેવસિંહ વાગ્દત્તા રાણકને જે રીતે પરણવા દે છે તે ઘટનાને ગણાવી છે. અહીં કાકનું શ્રેષ્ઠ બ્રાહ્મણત્વ પ્રગટ થાય છે. એ કારમી કસોટીમાંથી પાર થાય છે એક બાજુ જયદેવસિંહ મહારાજની વફાદારીનો પ્રશ્ન છે અને બીજી બાજુ એ પોતાની નિર્ણય શકિતને અનુસરીને સ્ત્રીની ઈચ્છાને માન આપે છે. એમાં એનાં બાહુબળ કરતાં પણ એનું આભિજાત્ય વધારે આસ્વાદ્ય બને છે.

કાક જયારે ખંભાત જાય છે ત્યારે બે વિધર્મીઓ સાથે એનું પાણું પડે છે. અજાણ્યો પરધર્મી ખતીબનું કાકે જે રીતે રક્ષણ કર્યું અને બીજુ શીશુકાળના હેમચન્દ્ર સાથે એનું પાણું પડે છે તે ધંધુકાના મોઢ વૈષ્ણવ ચાંગદેવને જૈન થતો અટકાવવાની એને ઈચ્છા થાય છે. પરંતુ ત્યાં પણ

બાળકની વાણી સાંભળ્યા પછી કાક પોતાનો નિર્ણય બદલે છે અને અહી પણ એનું આભિજાત્ય પ્રગટ થાય છે.

એવું જ પાત્ર કીર્તિદેવનું છે. કીર્તિદેવ જુદા જુદા સ્વતંત્ર રાજયોની સંધિ દ્વારા એકતા લાવવા ઈચ્છે છે અને કાક એકહથ્થું સત્તાની સ્થાપના દ્વારા એકતા લાવી શકાય એમ માને છે. પરંતુ કાકનું હૃદય પરિવર્તન થાય છે અને આર્યવર્તમાં સંપ લાવવાના કીર્તિદેવના આધુનિક વિચારોને અનુમોદન આપે છે. દેશમાં ઐકય સ્થાપાવું જોઈએ એવું ઈચ્છે છે અને આનંદસૂરિ, કીર્તિદેવ, કાક, મિ.કાપડિયા જેવા પાત્રોનું પ્રતિનિધિત્વ કરે છે. દેશમાં એકતા સ્થાપવી જોઈએ એ વિચારમંથન 'પાટણની પ્રભુતા'ના બીજમાંથી વિકાસ પામી 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ'માં આગળ વધે છે. આ મંથન, વિચારો અને આદર્શો માટે એમણે કીર્તિદેવનું પાત્ર રચ્યું છે. મુનશીની આર્યવર્તની ભાવનામાં હિંદમાં ચક્રવર્તી રાજયની સ્થાપનાનો કોડ છે. પરંતુ એ સ્થાપના ધર્મના ઝનૂનથી ન આવે પરંતુ રાષ્ટ્ર પ્રત્યેની પ્રીતિથી આવે. જે રાષ્ટ્રધર્મ હિંદમાં ત્યાં ઐકય, સંપ અને સ્વાધિનતા હોવા જોઈએ એ વિચાર બીજને મુનશી 'સ્વપ્નદષ્ટ'માં પરિપકવરૂપ આપતાં જણાય છે. પ્રો.કાપડિયા એ ભાવનાનું વહન કરનાર પાત્ર બને છે.

મુનશીની આર્યાવર્તની આ વિભાવના દેશભકિતની ભાવના સાથે જોડાયેલી છે. એમના સમયમાં હિંદુસ્તાન પરાધીન હતું. હિંદને સંપૂર્ણ સ્વતંત્રતા મળવી જોઈએ એમ તેઓ માને છે. તેઓ પશ્ચિમની વિચારણામાંથી એ પણ શીખ્યા છે કે, **"પોતાનો દેશ સ્વતંત્ર અને રાષ્ટ્રીય એકતા વાળો હોવો જાઈએ"**[૬] આપણો પૌરાણિક વારસો ઉપરાંત પાશ્ચાત્ય

વિચારોનું દોહન એમની દેશાભિમાનની ભાવના ઘડવામાં મહત્ત્વનું યોગદાન આપે છે. રાજકીય એકતા અને સ્વતંત્રતા ઈષ્ટ છે પરંતુ સાંસ્કૃતિક સાતત્ય અને એકતા જો એના પાયામાં ન હોય તો એને કોઈ અર્થ નથી. આર્યાવર્તની આ એકતા તેની કૃતિનો પ્રચાર બીજા દેશો કે તેની સંસ્કૃતિની આડે આવે નહિ પરંતુ તેને ઉપકારક અને તેને સહાય થઈ પડે એ રીતે આ એકતાની પ્રાપ્તિ થવી જોઈએ એમ તેઓ માને છે. એમના આ વિભાવ સાથે એમને મહાત્મા ગાંધીએ બતાવેલો સત્ય અને અહિંસાનો માર્ગ ઉપકારક જણાય છે. ગાંધીજીમાં આર્યાવર્ત અને સંસ્કૃતિ નવે સ્વરૂપે જીવંત થયેલી એમણે દેખાય છે." શ્રી મુનશીને આપણી પ્રાચીન સંસ્કૃતિ તરફ પક્ષપાત છે. આર્યસંસ્કૃતિનું વર્ણન કરતાં એ થાકતા નથી. પરંતુ એ સંસ્કૃતિ એટલે આજે આપણા વ્યવહારમાં જોવામાં આવતી રૂઢિઓનું સામ્રાજય નહિ, ન્યાતના નાના-નાના વર્તુળોમાં પુરાઈ રહી સેવવામાં આવતી કૂપમંડૂકત્વની ભાવના નહિ. અવિભકત કુટુંબની પ્રથા, દામ્પત્યભાવના, વર્ણાશ્રમ ધર્મ, એક ને અખંડ આર્યાવર્તની સંકલ્પજન્ય ભાવના, સંસ્કૃત ભાષાનું મહત્ત્વ અને વેદના અપૌરુષેયત્વની ભાવના પરથી પ્રતીત થતું ઐતિહાસિક સાતત્ય : એને એ આર્યસંસ્કૃતિના વિશિષ્ટ લક્ષણો માને છે. એઓ માને છે કે "સામાજિક પ્રણાલિકાઓને ધાર્મિક માન્યતાઓ એ સંસ્કારના પોષકને પ્રચારક છે."[૭] 'પાટણની પ્રભુતા'માં ઈતિહાસના જે સમય ખંડને એમણે પસંદ કર્યો છે એ સમયની રાજય વ્યવસ્થા, સામાજિક, સાંસ્કૃતિક પરંપરાઓ, લોકોના ધાર્મિક બલાબળ, શ્રદ્ધા અને અંધશ્રદ્ધા, રાજકર્તાઓ અને રાજ સંઘર્ષો વગેરે એમણે આલેખ્યા છે. મીનળ અને મુંજાલના પ્રણયગત વર્તન વ્યવહારમાં માનવસહજ નિર્બળતા ઉપર નિયંત્રણ રાખી આંતરિક વિશુદ્ધિનો લેખકે ભાવબોધ કરાવ્યો છે. મુંજાલના

મતે ત્યાગ મોટો તૃપ્તિ નહિ એ કેવળ વાણી વિલાસ ન રહેતા એ ચરિત્ર દ્વારા રચાતી ત્યાગજન્ય પ્રણયભાવના આ આર્યાવર્તના વિભાવને ઊપસાવે છે. જરૂર પડી ત્યારે મીનળદેવીની સત્તાને પડકારતા દેશદાઝની ભાવના જાગૃત કરતાં ઉદામહેતા જેવું પાત્ર પણ તેઓ આ સંદર્ભે મૂકી આપે છે. મુંજાલમહેતાની મુત્સદ્દીગીરી દેશભકિતની ભાવના અને લોકોમાં રાજક્રાંતિનો જુવાળ જન્માવી શકે એવા પાત્રો દ્વારા લેખકે ગુજરાતની પ્રજાકીય અને રાજકીય એવમ્ સાંસ્કૃતિક એકતાનું હૃદ્ય આલેખન કર્યું છે. .

'ગુજરાતનો નાથ'માં ગુર્જર નરેશ જયદેવ, મહામાત્ય મુંજાલ મહેતા જૂનાગઢનો રાજકુંવર (કૃષ્ણદેવ નામધારી) ખેંગાર લાટના મંડલેશ્વરનો કાક ભટ્ટ તથા કીર્તિદેવ જેવા વ્યકિતત્વો આર્યવર્તની રાજકીય-સાંસ્કૃતિક એકતા અને અખંડિતતા માટે ઝઝૂમે છે. એ કેન્દ્રિય રાજતંત્રની આવશ્યકતાને માટે અનિવાર્ય એવા સક્રિય પ્રયત્નો આ પાત્રો આદરે છે. આ બધામાં કીર્તિદેવનું પાત્ર ભારતવર્ષની રાજકીય એકતા, અખંડિતતાની ભાવના માટે નવી દિશા ઉઘાડી આપતું પાત્ર બને છે. આર્યવર્તની એકતા માટેની એની લગની જુઓ **"મુંજાલ મહેતા ! જયારથી તમારા જેવાના હાથમાં રાજસત્તા આવી ત્યારથી જ આર્યવર્તનાં ભાગ્ય ફૂટયાં."**[૮] અહી જોઈ શકીશું કે કીર્તિદેવની એક એક હિલચાલ અન્ય પાત્રો કરતાં જુદી છે તો સાથોસાથ આર્યાવર્તની એકતાની પ્રતીતિ કરાવતી રહે છે. એ માટે લેખકે અહીં અનેક કથાઘટકો અનેક પ્રણયઘટકો, રાજકીયઘટકો અને સામાજિકઘટકોનું નિર્માણ કર્યું છે પણ એનો મૂળ સૂર તો આ આર્યવર્તના અખંડિત રૂપને પ્રગટ કરવાનું છે.

'રાજાધિરાજ'માં લેખકનો ઉદ્દેશ કદાચ એના શીર્ષકમાં વ્યકત થઈ જાય છે. રાજાઓનો રાજા એટલે 'રાજાધિરાજ' દેશમાં એક ચક્રે રાજય કરનાર રાજા અથવા સત્તા જોઈએ સંગઠન અને એકતાનો ભાવ કદાચ અહીં એમણે અભિપ્રેત છે. દેશમાં એકતા લાવવા માટે ભૌગોલિક સુસંબંદ્ધતા હોવી જોઈએ અને એ સુસંબંદ્ધતા એકતા સુધી દોરી જાય શત્રુઓ સામે રક્ષણ મેળવવા માટે કાક લાટની સ્વતંત્રતા ત્યજી એણે ગુજરાત સાથે જોડવાનું મુનાસિબ માને છે. એની પાછળનું મુખ્ય કારણ રાજયોની સાંકળી સ્વતંત્રતાનો ત્યાગ અને દેશમાં એકતા સ્થાપવાનો છે. એક દેશ, એક ધર્મ, એક સંસ્કૃતિને એકભાષા હોય અર્થાત્ સાંસ્કૃતિક ઐકય જળવાય તો જ સ્વતંત્રતાનો સાચો વિભાવ પ્રગટ એ આર્યવર્તની એ સાચી ઓળખ છે. જે એમની નવલત્રયીમાં જુદી જુદી રીતે ચરિતાર્થ થાય છે. કીર્તિદેવ આર્યવર્તની એકતા માટે પોતાનાથી બને એટલાં પ્રયાસ કરી રહ્યો છે. તે કાકને અને કૃષ્ણદેવને એકતાના અભાવે આર્યવર્ત પર ઝઝૂમી રહેલ કાળા વાદળ દેખાડે છે. એ પોતાના સમયની સ્થિતિના ગાંભીર્યને પામી ગયો છે. આથી જ કદાચ એને લાગે છે કે, **"જો આપણે બધા જ એકમેકમાં જ લડયા કરીશું તો આપણાં રાજયો જશે, આપણો ધર્મ જશે, આપણે લૂંટાઈશું, આપણે અવનિ પરથી ઊખડી જઈશું."**[૯] અને એનો ઉકેલ એમણે જણાય છે કે અવંતી અને પાટણ, કનોજ, ચિતોડ અને કપાલદક્ષ એ બધા ભેગા થઈ મગધ એમની મદદે થાય તો જ આર્યાવર્ત સહી સલામત રહેશે. એ આગળ વધીને મુંજાલને ઠોસ પૂર્વક કહે છે કે, **"તમારા જેવાએ માત્ર એક રાષ્ટ્રની રાજનીતિ પાછળ જીવન સમર્પવું ન જોઈએ, આખા આર્યાવર્તની રાજનીતિ હાથ કરો. છિન્નભિન્ન થયેલાં રાષ્ટ્રોને, કુસંપી થયેલાં રાજયોને એકતંતે બાંધો... કેમ કે, આર્યવર્તને**

માથે ભય ઝઝૂમે છે." [૧૦] દેશમાં ઐકય સ્થાપવું જોઈએ એ મુખ્ય પ્રશ્ન છે એને પહોંચી વળવા આનંદસૂરિ, કીર્તિદેવ, કાક પ્રયાસો આદરી રહ્યાં છે. ઐકયની સિદ્ધિ અર્થે ત્રણેયના સાધન અલબત્ત જુદા છે. પરંતુ ઉદ્દેશ ઉદાત્ત છે.

'સ્વપ્નદષ્ટા' માં હિંદના રાજકીય પ્રવાહોની પશ્ચાત્યભૂમિમાં ગોઠવાયેલી, ગુજરાતના થોડાં ભાવનાશીલ જુવાનો તેમનો દેશાભિમાન અને તેના ઉતાર-ચઢાવની કથા ગૂંથાઈ છે. સુદર્શનની સંસ્કાર જાગૃતિ અને પ્રો.કાપડિયાની યથાર્થ લક્ષિતાને અહિં લેખકે અડખે પડખે મૂકયા છે. દેશને વિદેશી આક્રમણકારોથી મુકત કરવાના સ્વપ્ન જોતો કથાનાયક સુદર્શન પ્રો.અરવિંદ ઘોષની રાજનીતિ દર્શનથી પ્રભાવિત થઈને મા ભારતી માટે એક સ્વપ્ન જુવે છે. એની સ્વપ્ન સૃષ્ટિનો ભાવનાવિહાર અને અંતે એનું સ્વપ્નભંગ થતાં એની જે મન:સ્થિતિ સર્જાય છે. તે અને એની સાથે પ્રો. કાપડિયાના યથાર્થ લક્ષી મંતવ્યોને ગૂંથયા છે. તેમાં આર્યાવર્તની એકતા માટેનું સહેજ જુદું ઘટક ઉપસે છે. સુદર્શનના રંગદર્શી મનોવલણમાં રાષ્ટ્ર ભાવનાનું ઘેલું છે. જયારે આ ભાવનાને વાસ્તવની ભૂમિકાએ ઊપસાવવામાં મુનશી સફળ થયાં છે. મુનશીની સફળતા અને નિષ્ફળતાનો પ્રશ્ન પછી આવે છે પરંતુ આર્યાવર્તની એકતા માટે રાષ્ટ્રોદ્ધારનું તત્ત્વ અહીં સારી રીતે ગૂંથાયું છે.

અગિયારમી સદીમાં હિંદની અને ખાસ કરીને ગુજરાતની જે દશા હતી તેણે 'જય સોમનાથ' નવલકથામાં વિષય બનાવાયો છે. આમ તો અહી કથા છે મહમૂદ ગઝની સોમનાથ પરના આક્રમણની અને ગુજરાત એનો જે રીતે પ્રતિરોધ કર્યો છે એની છે. એમાં ગંગ સર્વજ્ઞ,

ચૌલાદેવી, ભીમદેવ વગેરેના જીવનમાં અને પ્રજા સમસ્તના જીવનમાં કોઈકને કોઈ રૂપે સોમનાથ માટેની પ્રબળ આસ્થા એમનું જીવન બળ છે. મુનશીએ સોમનાથને સમસ્ત ભારતના પાશુપત મતના કેન્દ્ર તરીકે કેવળ સ્વીકાર્યું નથી. સોમનાથ ગુજરાતની અને ભારતની અસ્મિતાને પોષતું સંવર્ધતું એક વિધાયકબળ હોવાનું મુનશીનું દર્શન છે અને એ દર્શનને તેમણે આ નવલકથામાં પાત્રો પ્રસંગો દ્વારા ઊપસાવવાનો ઉદ્દેશ રાખ્યો છે. તેમના મતે **"સોમનાથનું શિવાલય નહોતું આલય, નહોતું શહેર ને નહોતો સ્વસ્થ પ્રદેશ સદીઓની શ્રદ્ધાએ તેને દેવભૂમિસમું સમૃદ્ધ ને મોક્ષદાયી બનાવી મૂકયું હતું"**[૧૧] એને માટે ગંગ સર્વજ્ઞ જેવો ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિના પ્રતીક સમા છે. તેની ભાવનાનું વિશ્વ દર્શાવ્યું છે. ચૌલા ગંગ સર્વજ્ઞની જીવનરસિકતા અને ધર્મ- રસિકતાનું સાયુજયના ફળરૂપ પાત્ર છે જયારે ભીમદેવ રાષ્ટ્ર ભાવનાનો જુવાળ બનીને આવે છે. 'જય સોમનાથ'માં મહમૂદ ગઝની ભારતીય સંસ્કાર સંસ્કૃતિ માટેનું એક ભયાવહ બળ છે. પણ એની સામે ભકિત, શ્રદ્ધા અને પ્રતીતિના બળે સોમનાથના ગર્ભાગારની ઉત્કૃષ્ટ અધ્યાત્મની સુરક્ષિત રાખી છે તે દર્શાવ્યું છે. પેલું ભયાવહ બળ ભારતીય સંસ્કાર સંસ્કૃતિના સ્થૂળ ભાગને હાનિ પહોંચાડે છે પણ એની આધ્યાત્મિકાની ગરીમાને ભંગ કરી શકે તેમ નથી એવી ગંગ સર્વજ્ઞની દાર્શનિક ભકિત સૂચિત કરે છે. સંકુચિત હિન્દુવાદથી આ કૃતિ ઊંચે ઊઠીને અસ્મિતાની દ્યોતક બને છે તે દર્શાવવાનો એમનો ઉપક્રમ રહ્યો છે.

આપણે આગળ જોયું તેમ મુનશી 'અસ્મિતા'ના ઉદ્ગાતા રૂપે એમના સમગ્ર સર્જનમાંથી ઉપસી આવે છે. માનવસંવિધિમાં સૂક્ષ્મપણે એ

સમયે મંદબુદ્ધિની એકતાનો ભાવ એમણે 'અસ્મિતા'સંદર્ભે અભિપ્રેત છે. રણજિતરામ મહેતાના ઓગણીસો સોળમાં ગુજરાતની એકતા વિશે લખાયેલા મનનીય નિબંધનો પ્રભાવ એમના સમકાલીનોની જેમ મુનશીએ પણ જરૂર ઝીલ્યો હશે. મુનશીએ પોતાના વ્યકિતત્વમાં અને સર્જક વ્યકિતત્વમાં આ 'અસ્મિતા'ને ઉજાગર કરવાનો પ્રયત્ન સદયંત કર્યો છે. ગાંધીકથિતમૂલ્યો વિશેનો એમનો પોતીકો ખ્યાલ અને ભૌગોલિક, રાજકીય, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને સાંસારિક એમ વિધવિધ ખૂણેથી એકમન, એકહૃદય, અને એકસંકલ્પ બનવાની દિશામાં સામૂહિક ચિંતન અને પ્રસ્થાન એ મુનશીનું જીવનઋત બન્યું હતું. હિન્દુસ્તાની પ્રજાને અખંડ રાષ્ટ્ર તરીકે સ્વપ્ન જયોતિકા કરવાનો તેઓ ઉદ્યમ સેવે છે નવજાગરણ માટેની પ્રવૃત્તિઓમાં સક્રિય બનીએ તો જ 'રાષ્ટ્રોદ્ધારયત્ અસ્મિતા' કોરી રહે એવું માનનાર આ નવલકથાકાર ઈતિહાસનું જરૂરી આલંબન લઈને એમાં યતકિંચિત્ પરિવર્તન લાવીને જનમાનસને પોતાની નવલકથાઓ દ્વારા અસ્મિતાનો ભાવબોધ કરાવવાનું બીડું ઝડપે છે અને એ દ્વારા કદાચ તેઓ ભારતીય સાંસ્કૃતિક પુનરુત્થાનની સક્રિય ઓળખને છતી કરવાનો સંકલ્પ સિદ્ધ કરવાની દિશામાં હરણફાળ ભરે છે.

મુનશીની નવલકથાઓ કે અન્ય સ્વરૂપોમાં 'અસ્મિતા'ની નિરંતર શોધનો ઉદ્દેશ કેવો છે તે **"શું સાહિત્યમાં કે શું જીવનનાં વિવિધ વાનાંમાં મુનશી માટે 'અસ્મિતા' નિરંતરની શોધ રહી છે, નિરંતરની યાત્રા રહી છે. સર્વધર્મ તજીને કેશવ પ્રતિ જતા કોઈ સમર્પિત ભકતની જેમ તેઓ ત્યાં જ વળી વળીને કર્યા છે. "**[૧૨]

આપણે હમણાં જ આર્યાવર્તની અને ગુજરાતની વાત કરી એની 'અસ્મિતા'ના સંદર્ભ વગર પૂરે પૂરાં અર્થમાં પામી શકાય તેમ નથી. મુનશી ગુજરાતના ઈતિહાસને પોતાની રીતે વિલોકે છે. એ ઈતિહાસને કેવળ દૂરના ભૂતકાળ રૂપે જોવાને લીધે એમણે એને ભૂતકાળ, વર્તમાનકાળ અને અનાગત સાથે સાંકળીને પોતાની રીતે એનું અર્થઘટન,એનું નવલકથા રૂપ એમણે પોતાની નવલકથાઓમાં પ્રગટાવ્યું છે તે આપણે જોયું. ઈતિહાસ વિશેની એમની દૃષ્ટિ આવી વ્યાપક હતી જેણે એમણે 'અસ્મિતા'ના સંદર્ભે પુનર્ઘટિત કરી હતી. એમના અન્ય ગ્રંથો 'ગુજરાતના જ્યોતિર્ધરો', 'ગુજરાત એન્ડ ઇટ્સ લિટરેચર', 'ગુજરાત માસિક' તંત્રીમાંથી એમના આ અસ્મિતા રૂપી દર્શનનું આપણને જ્ઞાન થાય છે. પૂર્વ અને પશ્ચિમની દાર્શનિક પરંપરાઓનો સમન્વય સાધીને તેમણે આ અસ્મિતાને સમગ્ર ભારતવર્ષના સંદર્ભે આકારી છે.

કાક અને કીર્તિદેવની મુલાકાતો કીર્તિદેવ, મુંજાલના સંવાદો, મીનળદેવી-મુંજાલની રાજકીય કુનેહ, સુદર્શન – પ્રો.કાપડિયાના વિચાર શ્રોત, ગંગ સુર્વજ્ઞ- ભીમદેવ- ચૌલાની વ્યુહરચના,જગતકિશોર-અનંતાનંદની દશોદ્ધારની પ્રવૃત્તિ મુનશીની 'અસ્મિતા'ની વિભાવનાના પરિચાયક બને છે. 'શમેના વેર વેરથી અવેરે જ શમે વેર' એ ઉદાત્ત પ્રેમભાવનાનું અને સમગ્ર દેશને એક આદર્શ રાજ્ય બનાવવા તત્પર અનંતાનંદજીની નિષ્ઠા મુનશીના અસ્મિતાના સંદર્ભ વગર સમજવી અધૂરી રહી જાય. મંજરી અને રાણક બન્નેના મૃત્યુને એમણે "ભવ્ય" રૂપે દર્શાવ્યા છે. મંજરી રાષ્ટ્રના એકત્વ માટે સમગ્ર જીવનમાં મથે છે. જ્યારે રાણક ભારતવર્ષના સાંસ્કૃતિક, ધર્મ અને તેના મૂલ્યોને ચીંધે છે.'પાટણની

પ્રભુતા', 'ગુજરાતનો નાથ', 'રાજાધિરાજ' એ ત્રણેય કથાઓમાં મુનશીના ગુજરાત – સમગ્ર ભારતવર્ષના વિશિષ્ટ નિર્માણના વિચારો, વિભાવો એ માટેના સાહસ અને ગૌરવનું આલેખન કરીને એમણે આ પર્યન્ત અસ્મિતાનો બોધ કરાવ્યો છે. મીનળદેવી, મુંજાલ, કાક, ખેંગાર, રાણક, કાક-મંજરી, ખેંગાર-રાણક, કીર્તિદેવ વગેરે અનેક પાત્રો એમની આર્યાવર્ત અને અસ્મિતાની વિભાવનાનું પ્રતિનિધિત્વ કરતા પાત્રો છે. અહી ખાસ નોંધવું જોઈએ કે મુનશીએ ગુજરાતની ઐતિહાસિક મહત્તા અને ભૂતકાળના ગૌરવને ઉજાગર કરવાનું બીડું ઝડપ્યું છે. એમાં કળાપક્ષને સહેજ બાજુએ મૂકીએ અને બાજુએ મૂકીએ તો જણાશે આ અસ્મિતા અને આર્યાવર્તનું પ્રગટીકરણ કાલ્પનિક સ્તરે નહિ પણ વાસ્તવ ભર્યું બની આવ્યું છે.

મુનશીના મનમાં રંગભેદ, જાતિભેદને બદલે રાજકીય એકતા રાષ્ટ્રોદ્ધાર દ્વારા રાષ્ટ્રની અખંડિતતાનો ભાવ આ નવલકથાઓમાં પ્રગટયો છે. એમાં એમનો આધુનિક ભારતના ઈતિહાસનું એની સાંસ્કૃતિક મૂલ્યવત્તાનું એમનું સ્વપ્ન એના પાયામાં રહ્યું છે. કૃતિનું કથાનક સામાજિક, ઐતિહાસિક કે પૌરાણિક ગમે તે હોય પરંતુ એ બધાનું ચાલકબળ તો ગુજરાત-દેશ અને એની અસ્મિતા જ રહ્યાં છે એ ન ભૂલવું જોઈએ.

મુનશીની કેટલીક નવલકથાઓના મારા અભ્યાસને આધારે મેં અહી રાષ્ટ્રીયચેતના, સમાજદર્શન, મુનશીની આર્યાવર્તની કલ્પના અસ્મિતાની વિભાવના અને એના સાંસ્કૃતિક સંદર્ભને મેં તપાસ્યો છે. હવે

આ નવલકથાઓમાં સમગ્રપણે જોવા મળતાં ભારતીયતાનાં પરિમાણોની હું વાત કરીશ.

૪:૪ : ભારતીયતાનાં તત્ત્વોઃ- અનેકતામાં એકતા

'વેરની વસૂલાત'માં જગતકિશોર અને તનમનની કરુણ-સ્નેહ કથાની પડછે રજવાડાની ખટપટને એમને દર્શાવી છે. એની સમાંતરે અનંતાનંદની ભાવનાશીલતા ગૂંથી છે. આમ અહીં પ્રણય- ઊર્મિ ભાવનાશીલતા અને દેશી રજવાડાની રાજકીય ભૂમિકાને સમાંતરે નિરૂપ્યાં છે. આ બધાની ઉપર અનંતાનંદ આખા દેશને આદર્શ રાજય બનાવવા મથે છે એનું મૂલ્ય ઉપસી આવે છે. રાજકીય ષડ્‌યંત્રો દ્વારા મુનશી તત્કાલીન રાજય સમાજનું ચિત્રણ આપે છે. કેટલાક વૃત્તાન્ત એ માટે રજૂ કરે છે અને એ રીતે વેરવૃત્તિનું ઊર્ધ્વીકરણ અને પ્રેમભાવનાના મહિમા દ્વારા એકતાનું આલેખન કરી શકયા છે. વિવિધ ઘટકોમાંથી રચાતી આવતી એકતા.

'સ્વપ્નદષ્ટા'માં સામાજિક વાસ્તવને એ રજૂ કરે છે. પ્રો. અરવિંદઘોષની રાજકીય વિચારસરણીથી પ્રભાવિત સુદર્શન માતૃભૂમિને રાજકીય પરાધિનતાની બેડીઓથી મુકત કરવાનો આદર્શ સેવે છે અને જાત જાતામાં એનો સ્વપ્ન ભંગ થાય છે. એની પડછે મુનશીએ પ્રો. કાપડિયાના વાસ્તવનિષ્ઠ વલણને મૂકયું છે. સામાજિક, પારિવારિક અને રાજકીય જીવનના અંશોને દર્શાવી મુનશીએ અંતે લક્ષ સેવ્યું છે. રાષ્ટ્રભાવનાને યથાર્થની ભૂમિકાએ રજૂ કરવાનું.

'પાટણની પ્રભુતા'માં ઈતિહાસના સોલંકીયુગના પૃષ્ઠભૂ તેમણે સ્વીકારી છે. એ સમયની રાજય વ્યવસ્થા, લોકોની ધાર્મિક માન્યતાઓ, સામાજિક, સાંસ્કૃતિક પરંપરાઓ અને જનસમાજની ભાતીગળતા વગેરેનું ચિત્રણ થયું છે અને એ બધાનું રસાયણ થાય છે. રાષ્ટ્રોદ્ધાર અને અસ્મિતાની ભાવના રૂપે. 'ગુજરાતનો નાથ'માં એમની આ ભાવના વધુ વિકસે છે. પરધર્મી અક્રમણ દ્વારા મધ્યકાલીન સમયના રાજયો વારંવાર લૂંટાતા ગયા અને હારતા ગયા. એમાં મુખ્યત્વે એ શાસકોની સંકુચિત મનોદશા, આંતરિક- વિગ્રહ ટૂંકી રાજકીયદષ્ટિ અને એકેન્દ્રિ રાજસત્તાની ઊણપ એમને દર્શાવી છે અને એના નિવારણ રૂપે એકેન્દ્રિ રાજયતંત્રની આવશ્યકતા માટે એ બધાની વચ્ચે સંપ અને સમાધાન સ્થાપીને આર્યાવર્તની રાજકીય અખંડિતતાને તેમણે કીર્તિદેવ જેવા ચરિત્રો વડે દર્શાવ્યું છે. અહીં યથાર્થ અને કર્તવ્યને અડખે પડખે મૂકીને એમને આ આર્યાવર્તની એકતાનું દર્શન સિદ્ધ કરવું હતું. આ જ ભાવના આગળ વિકસે છે. 'રાજાધિરાજ'માં અહીં તેઓ ભૌગોલિક સુસંબંદ્ધતા દ્વારા રાષ્ટ્રગૌરવને રજૂ કરવાનું મુનાસિબ માને છે. નાના-નાના રાજયોના બનેલા હિંદને પરદેશીઓના હુમલાથી મુકત કરીને પોતપોતાની સ્વતંત્રતા જાળવવા શું કરી શકાય એ માટે કટિબદ્ધ કાક-મંજરી, કીર્તિદેવ-મુંજાલ જેવા ચરિત્રો અહીં કામિયાબ નીવડયા છે. આર્યાવર્તને એક અને અવિભકત જોવાનો કોડ કીર્તિદેવ ધરાવે છે. આર્યાવર્તને માથે ઝઝૂમતા ભયને દૂર કરવા માટે આ પાત્રો અંતે તો જયાં રાષ્ટ્રધર્મ હોય ત્યાં ઐકય અને સ્વાધીનતા હોય એવા જીવનદર્શન સુધી પહોંચતા જણાય છે. સાર્વભૌમ-ભારતવર્ષની મુનશીની વિભાવનાનું આલેખન આ કૃતિમાં થયું છે. ખરા રાષ્ટ્રીય જીવનના માર્ગ તરીકે અહીં રાજકીય એકતા આ બધાની

ઉપર તરી આવે છે.'જય સોમનાથ'ના ગંગ સર્વજ્ઞનું રાષ્ટ્ર માટેનું સ્વપ્ન અને જીવનદર્શન વિવિધ દેશી-વિદેશી સત્તાના આલેખનની વચ્ચેથી ભીમદેવ અને ચૌલાની ભકિત અને રાષ્ટ્રનિષ્ઠા અને એ માટેની સક્રિયતાથી ચરિતાર્થ થતું જાય છે.

**૪:૪: સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય :**

આપણે ઉપર જોયું તે રીતે મુનશીની કેટલીક નવલકથાઓમાં એમને સામાજિક સમસ્યાઓ, રાજકીય ખટપટ, સ્વતંત્રતા માટેની ચળવળ, ધાર્મિક પ્રતિબદ્ધતા, સાંસ્કૃતિક સંદર્ભો વગેરેને એમણે એકમેક સાથે ગૂંથીને એનું એકત્વભર્યું રૂપ આલેખ્યું છે. આ વૈવિધ્યમાંથી પ્રગટ થતી એકતાના પાયમાં એમનું આદર્શવાદી,માનવતાવાદી વલણ, આર્યાવર્તની ઝંખના અને અસ્મિતા માટેનો એમનો તીવ્ર પક્ષપાતને આપણે મૂકી શકીએ. અખંડ ભારતવર્ષનું એમનું સ્વપ્ન ગુજરાતના સાંસ્કારિક વ્યકિતત્વથી એ સાકાર કરવા મથે છે.

કનૈયાલાલ મુનશીને 'અસ્મિતાના ઉદ્ગાતા' તરીકે આપણે સૌ ઓળખીએ છીએ મુનશીએ ગુજરાતની અસ્મિતાનો ભાવબોધ પોતાની નવલકથાઓ દ્વારા કરાવ્યો અને એ રૂપે ગુજરાતની અમૂલ્ય સેવા કરી છે. ગુજરાતના સાંસ્કારિક વ્યકિતત્વનો પરિચય એમને એ દ્વારા કરાવ્યો છે. ગુજરાતીઓનું ગુજરાત તરફનું મમત્વ રહે પણ એ સંકુચિત સ્વરૂપમાં નહિ. દેશના સ્વાતંત્ર્યપ્રાપ્તિના સંગ્રામયજ્ઞમાં આ અસ્મિતા એના વિશુદ્ધ રૂપે જાગે એવી નેમ સાથે એમને નવલકથા લેખન આદર્યું હતું. પ્રાંત અને દેશ વચ્ચેનો વિરોધ એમને સ્વીકાર્ય ન હતો.

આખા દેશમાં જયારે આર્યત્વની આગ હોલાવવાનો પ્રયત્ન થયો હતો તેવો ગુજરાતમાં પણ થયો હતો. આખું આર્યાવર્ત સંસ્કારના સંરક્ષણ માટે તત્પર થયું હતું. આ સંરક્ષણ માટે પહેલા સમાજને સ્થિર સ્વરૂપ આપવું પડે કેટલીક સંકુચિતતા – જ્ઞાતિવાદની મર્યાદા, સ્વાતંત્ર્ય એટલે પાપ વગેરે પ્રવર્તતી હતી. એવા સમયમાં મુનશી સર્જન પ્રતિ આકર્ષાયા હતા. આર્યાવર્ત અને અસ્મિતા જેવા વિભાવોએ એમનામાં ઊંડા મૂળ નાખ્યાં એના અનેક કારણોમાંનું એક કારણ આ પણ હતું. સાથોસાથ અનેક રાષ્ટ્રીય, સામાજિક, સાંસ્કૃતિક ભાવનાઓના ઉદ્‌ગાતા એવા ગાંધીનું આગમન થાય છે. નવ-આર્યાવર્તની જાણે કે સૂક્ષ્મ ભૂમિકા સ્થપાય છે. રાષ્ટ્રીય અસ્મિતા, સ્વાતંત્ર્ય પ્રેમ, સમસંસ્કારિતા જેવાં રૂપો અને ભાવનાઓ તે સમયે પ્રગટી રહ્યાં હતાં. એમ ગુજરાતની સાંસ્કૃતિક અસ્મિતાનો પિંડ બંધાતો ગયો.

મુનશીની આર્યત્વની ભાવનાને 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા'અને યોગશાસ્ત્રના સિદ્ધાંતોએ પ્રેરી-પોષી છે. નિત્શે, શોપન હાવર અને ફ્રોઈડ જેવા વિચારકોએ એમાં ગણનાપાત્ર ફાળો આપ્યો છે. એ બધાંનું રસાયેલું રૂપ એમની ભારતીયતાની ભાવનાને સંસ્કારે છે, તેમણે આર્યાવર્ત અને ગુજરાતને અભિન્નરૂપે જોયા છે. કોઈ પ્રાન્તીયતાનો એમના પર આક્ષેપ મૂકે તો એ અસ્થાને રહે. ભારત જેવા બહુભાષિક, બહુસામ્પ્રદાયિક અને બહુ સાંસ્કૃતિક દેશમાં રાષ્ટ્રીયતા આગળ આવીને આપણે અટકી ન શકીએ; એ રાષ્ટ્રીયતા જ ભારતીયતાના સંસ્કાર સુધી દોરી જાય છે. એની મુનશીને પ્રતીતિ હતી, જેમાં 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના સમાયેલી છે. જે ભાવનામાં સમગ્ર માનવવિશ્વનું કલ્યાણ પણ સમાયેલું છે.

આપણે આગળ જોયું કે મુનશીની નવલકથાના પાત્રો સ્વાતંત્ર્યની ચળવળ અને દેશ પ્રેમની ભાવના ધારણ કરતાં પાત્રો છે. આ પાત્રો પ્રેમ, શૌર્ય, બંધુત્વ વગેરેથી રસાયેલા છે એવા જ સંસ્કારિતા અને માનવતાથી રસાયેલા છે.

**૪:૫: સમગ્રલક્ષી ચર્ચા-ભારતીયતાનાં પરિમાણો.**

આપણે જાણીએ છીએ કે સાહિત્ય સંસ્કૃતિનો એક અંશ છે અને એ સંસ્કૃતિ એ ભારતીયતાની ઓળખ છે. મુનશીએ કેટલીક પૌરાણિક નવલકથાઓ લખી છે. એમનાં સર્જનને સામાજિક, પૌરાણિક, ઐતિહાસિક વગેરે પ્રકારોમાં વિભાજીત કરીને તપાસવાનો અહીં ઉપક્રમ નથી પરંતુ એમના નવલકથા લેખનમાં મુખ્યત્વે ભારતીયતાનાં તત્ત્વો કેવી રીતે પ્રગટ થતાં રહ્યો છે એ અહીં ઉદ્દેશ રહ્યો છે.

અસ્મિતાના ઉદ્ગાતા, ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા અને દેશહિતચિંતક મુનશીએ ભારતની પરંપરાગત સંસ્કૃતિ અને જીવનમૂલ્યોને મુંજાલ, કાક, કીર્તિદેવ, ખેંગાર, અનંતાનંદ, આનંદસૂરિ, મીનળદેવી, મંજરી, રાણક જેવા બહુમુખી પ્રતિભા ધરાવતા પાત્રોના વિચારો, કાર્યો દ્વારા મૂર્તિમંત કર્યા છે. એમની નવલકથાઓમાં અનેક સામાજિક, ઐતિહાસિક, પૌરાણિક પ્રસંગો આવે છે. વાર્તા રસની જમાવટ માટે તેઓ ભાવના, આદર્શ અને અતીન્દ્રિય ચમત્કારનો આશરો પણ લે છે. પરંતુ એમનું લક્ષ્ય તો છે પેલા નક્કર વાસ્તવની વિવિધ રેખાઓને દઢ કરવાનું. એમને જે યુગના સમયખંડો પસંદ કર્યા છે. એ યુગની સાંસ્કૃતિક પરિસ્થિતિના નિરૂપણ માટે સામાજિક-ધાર્મિક રૂઢિ, પાત્રોનાં વૃત્તિવલણો આચાર-વિચાર અને ભાવના-આદર્શો તે તે સમયખંડને અનુરૂપ મૂકયા છે.

પરંતુ એમની પ્રતિભા એમને તે માત્ર તે જ કાળના ન રાખતા એને ઈતિહાસનિરપેક્ષ કે સમયનિરપેક્ષ બનાવીને મોટા ફલક ઉપર મૂકે છે. એમણે પોતાના સ્વપ્નોને સિદ્ધ કરવાં હતાં તો સાથોસાથ એણે પોતાના સમયસંદર્ભ સાથે મૂકીને એનું યથાર્થ રૂપ જોવું હતું. **"ગુજરાતની અસ્મિતાનું પ્રજાકીય ગૌરવ અને અખંડ અવિભાજય ભારતવર્ષના નિર્માણની રાષ્ટ્રભાવના વાસ્તવિકતાનાં કોઈ બંધન વિના જેમાં સહેલાઈથી સાકાર થઈ શકે એવી કથાઓ તેમને રચવી હતી. સમકાલીન સમાજના વિધિ નિષેધો અને રૂઢિરિવાજોને કારણે વણસંતોષાયેલી રહી જતી ઈચ્છાઓ, એષણાઓ- વાસનાઓ, પ્રણયની સંવેદનાઓ અને શૌર્ય-સાહસની સુપ્ત મનોકામનાઓની નિર્બંધ અભિવ્યકિતને જેમાં પૂરતો અવકાશ મળે એવી વાર્તાઓનું સર્જન કરવાનું કથા પ્રયોજન તેમણે સ્વીકારેલું હતું."**[૧૩] અહી મુનશીના સર્જનમાં જે રીતે ભારતીય મૂલ્યો વણાઈ ગયા છે તેનો યોગ્ય નિર્દેશ પ્રાપ્ત થાય છે.

ગુજરાતની અસ્મિતાથી -**"નિજ બોધથી આગળ વધીને મુનશીજી ભારતના સાંસ્કૃતિક પુનરુત્થાન માટે પોતાની શબ્દશકિત અને યોજક તરીકેની કર્મશકિત પ્રયોજે છે. એમાં 'સમર્પણ'ની ભાવના છે. જીવનનો સંસ્કારી સંયમ બનીને અનાસકત કર્મની પ્રતિષ્ઠા કરે એવું તાત્પર્ય મુનશીજીના કર્મ અને શબ્દમાંથી - શબ્દ દ્વારા પામી શકાય. ધર્મ-અર્થ-કામ-મોક્ષ એ ચાર પુરુષાર્થ દ્વારા સૂચવાતી જીવનની સમગ્રતા સર્વત્ર કલાત્મક અન્વય ન પણ સાધે છતાં એનો પ્રભાવ અનુભવાય છે."**[૧૪] – મુનશીનું આ જીવનદર્શન એમની કૃતિઓમાંથી સ્ફુરતું આપણે જોઈ શકીએ છીએ. ઓગણીસો ઓગણસાઠથી 'સમર્પણ'સામયિક માં ક્રમશઃ પ્રગટ

થયેલા તેમના પત્ર, સમગ્ર વિચારો, તેમના ભારતીય સંસ્કૃતિ તરીકેના, ઉપાસક તરીકેની તેમની વૃત્તિનું દર્શન કરાવે છે. ગોવર્ધનરામની મનનનોંધો જેમ તેમના ભારતદર્શનની પરિચારક બને છે તેવી રીતે 'ધ એન્ડ ઓફ એન્ડ એરા', 'ભવન્સ જરનલ', 'સમર્પણ' સામયિકમાં પ્રગટ થતાં પત્રો. આર્યાવર્ત, અસ્મિતા અને ભારતીય સંસ્કૃતિના પુનરુત્થાનના પુરસ્કર્તારૂપે પ્રગટ થાય છે. તેમના આ વ્યકિતત્વને અને તેમની નવલકથાઓના ભાવના વિશ્વને અડખેપડખે મૂકીને જોઈએ છીએ ત્યારે ભારતવર્ષના રાષ્ટ્ર ઘડતર, સંસ્કૃતિ અને ધર્મ, રાષ્ટ્રનું એકત્વ તથા રાષ્ટ્ર ગૌરવ પ્રાન્તની સીમાઓને અતિક્રમીને ભારતીયતાનાં સંદર્ભ સુધી દોરી જાય છે. મુનશીએ જોયું હતું કે ભારતની રાષ્ટ્રીય ભાવનામાં પ્રાદેશિક અસ્મિતા – વિવિધતાના સંવર્ધન માટે પૂરતો અવકાશ હતો. એમને અહી સહેજ વ્યસ્ત ભૂમિકા સ્વીકારી ગુજરાતી અને એની અસ્મિતાના વિધવિધ રૂપો પ્રગટાવતા જઈને ભારતવર્ષની સાંસ્કૃતિક અસ્મિતાના પોતાના લક્ષ્યને ચરિતાર્થ કરવાનો સતત પ્રયત્ન કર્યો છે.

**"જીવન જીવવું એટલે મનુષ્યની સ્વભાવિક શકિતઓ અને વૃત્તિઓની કેળવણી અને સંતોષમાં – સંસારી રસમાં સુખ માનવું તે. જીવનનો ઉલ્લાસ અનુભવવો એટલે સુખનો ભાવનાત્મક વિકાસ સાધવો, હોંશભરી તત્પરતામાં જ આનંદ માનવો તે."**[૧૫] - મુનશી જીવન, જીવનનો ઉલ્લાસની પોતાની વિભાવના અહી રજૂ કરે છે. જેમાં તેઓ તેના ભાવનાપૂત જીવનનો વિશુદ્ધ ઉપભોગ કરતાં જણાય છે. એમાં તેમણે નર-નારી ઉભયના આત્મૈકયની ભાવના – સ્ત્રી પુરુષના આંતર-બાહ્ય જીવનને વિશુદ્ધ રાખતી ત્યાગ- સંયમપ્રધાન ઊર્ધ્વગામી ભાવનાને વ્યકિતના

વિકાસનું સાધન અને લક્ષ બન્ને માને છે. ઉપરાંત એમનું પ્રણાલિકાભંજક માણસ પરંપરાગત ભાવનાઓ અને પ્રણાલિકાગ્રસ્ત રૂઢિ-રિવાજો જો વ્યકિત અને સમાજના વર્તનવ્યવહારને વિવેકશૂન્ય બનાવી મૂકતા હોય તો તે અંગેનો એમનો સૂર હંમશા ચેતવણીનો રહ્યો છે, તેઓ પરંપરાના ગતાનુગતિક અનુસરણને સહેજ પણ સ્વીકારતા નથી એને બદલે તેઓ હૃદયધર્મને અનુસરવા ઉપર ભાર મૂકે છે.

ઉપરાંત પ્રાચીન આર્ય સંસ્કૃતિની – બ્રાહ્મણ જાતિની સાંસ્કારિક શ્રેયસ્કરતાને તેમણે અહી આલેખી છે. પરંતુ ત્યાં પણ તેઓ જરૂર જણાય ત્યાં એ પરંપરઓનું ચિકિત્સાવર્તન કરીને પોતાની પ્રગતિશીલ અને સુધારાલક્ષી સ્વ-કલ્પનાને મક્કમપણે આલેખે છે.અલબત્ત જયાં એમનો અભિનિવેશ જણાય છે ત્યાં એમના પરસ્પર વિરોધી વૃત્તિવલણો પણ જોઈ શકાય છે. એમ નમ્રતાપૂર્વક કહેવું જોઈએ.

પ્રાચીન ભારતીય સંસ્કૃતિના આદર્શો-ભાવનાઓ અને અર્વાચીન પાશ્ચાત્ય સંસ્કૃતિથી પ્રભાવિત એમની વિચારસરણીએ એમની ચેતનાનું સંમાર્જન કર્યુ છે. ગાંધીમૂલ્યોની એમણે પોતાની રીતે જીકર કરી છે અને એમ એમનો ચેતનાપિંડ બંધાયો છે. એ સંદર્ભે જોઈએ તો મુનશી આર્યાવર્ત, રાષ્ટ્રીયતા, અસ્મિતા, વિશ્વપ્રેમ આ બધાનું સંમાર્જન જે રીતે એમની નવલકથાઓમાં થતું રહ્યું છે એમાંથી એમની યુગચેતનાનું હાર્દ બંધાતું ગયું છે. આપણે જાણીએ છીએ તેમ બધાનું ચાલકબળ ભારતીય સંસ્કૃતિ અને એના મૂલ્યો જ છે અને એમ એમાંથી ભારતીયતાનાં પરિમાણો ગૌરવાન્વિત રૂપે પ્રગટ થયા છે. આથી જ પ્રવીણ દરજી સમુચિત રૂપે જણાવે છે કે **"ગુજરાત અને ભારતની આવી વિશિષ્ટ સંસ્કૃતિના**

**Revitalization** માટેની તેમની ઊંડી નિસબત અને તે માટેનું તેમનું અર્પણ જ તેમને **Man of the era** બનાવીને રહે છે."[૧૬]

## સંદર્ભસૂચિઃ


૧. મહેતા, મનહરરામ અને અન્ય, 'ગુજરાતની અસ્મિતા - કનૈયાલાલ મુનશી', ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પૃ-૨૪.

૨. એજન – પૃ-૨૪.

૩. શુક્લ, રામચંદ્ર દામોદર,'ગુજરાતી સાહિત્ય એનું મનન અને વિવેચન' આદિત્ય મુદ્રણાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૧૯૯૩, પૃ-૮૪.

૪. મુનશી, કનૈયાલાલ માણેકલાલ,' મુનશી ગ્રંથાવલિ-૧૩, કુલપતિના પત્રો', ગુર્જર ગ્રર્થરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૧૯૮૮, પૃ-૮૮.

૫. શુક્લ, રામચંદ્ર દામોદર,'ગુજરાતી સાહિત્ય એનું મનન અને વિવેચન' આદિત્ય મુદ્રણાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૧૯૯૩, પૃ-૧૦૦.

૬. મહેતા, મનહરરામ અને અન્ય,'ગુજરાતની અસ્મિતા - કનૈયાલાલ મુનશી', ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પૃ-૨૩.

૭. એજન, પૃ-૨૧.

૮. મુનશી, કનૈયાલાલ માણેકલાલ,' ગુજરાતનો નાથ',ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, આવૃત્તિ-૨૦૦૫, પૃ-૩૦૫.

૯. એજન, પૃ-૧૫૩.

૧૦.એજન –પૃ-૨૧૩.

૧૧. મુનશી,કનૈયાલાલ માણેકલાલ,‘જય સોમનાથ’, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, આવૃત્તિ-૨૦૧૧, પૃ-૧.

૧૨. મહેતા, મનહરરામ અને અન્ય,‘ગુજરાતની અસ્મિતા-

કનૈયાલાલ મુનશી’, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ,

પૃ-૪૩.

૧૩.દાવલપુરા,બાબુ,‘કનૈયાલાલમુનશીઃવ્યકિતત્વ અને વાઙમય’, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૭, પૃ-૧૧૬.

૧૪.ચૌધરી,રઘુવીર,‘મુનશીનું જીવનદર્શન’,સં. ગૂર્જર,જગદીશ, ‘અસ્મિતાના ઉદ્‌ગાતા -કનૈયાલાલ મુનશી’, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત, પ્રથમ આવૃત્તિ-૨૦૧૩, પૃ-૨૭.

૧૫.દાવલપુરા, બાબુ, ‘કનૈયાલાલ મુનશી : વ્યકિતત્વ અને વાઙમય’,પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૭, પૃ-૨૧.

૧૬.દરજી પ્રવીણ,‘અસ્મિતા, ગુજરાત અને મુનશી’, સં.ગૂર્જર, જગદીશ, ‘અસ્મિતાના ઉદ્‌ગાતા -કનૈયાલાલ મુનશી’, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત, પ્રથમ આવૃત્તિ-૨૦૧૩, પૃ-૪૪